EDI

Divya Bhaskar

November 30, 2011
Page No. 3
of City Bhaskar






**ટ્રેનિંગ પ્રોગ્રામ :** ઈડીઆઈના ક્લસ્ટર ડેવલપમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામમાં વિદેશમાંથી ૩૩ સ્ટુડન્ટોએ આવીને ભાગ લીધો હતો.

# શીખ્યા ક્લસ્ટર વિકાસના પાસાંઓ

## શહેરના નિખિલ શાહે ઈડીઆઈના ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો

**સિટી રિપોર્ટર . અમદાવાદ**

શહેરના ઉદ્યોગપતિ નિખિલ શાહે હાલમાં એન્ટરપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (ઈડીઆઈ) માં યોજાયેલા ક્લસ્ટર ડેવલપમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. આ પ્રોગ્રામમાં વિદેશમાંથી પણ સ્ટુડન્ટ આવ્યા હતાં. ઈડીઆઈ દ્વારા આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં ક્લસ્ટર ડેવલપ કરવું, ક્લસ્ટર માટે ઈન્ડસ્ટ્રીનો ચયન, ભાગ લેનારી ઈન્ડસ્ટ્રી સાથે ઈન્ટર અને ઈન્ટ્રા પર્સનલ સ્કિલ ડેવલપમેન્ટ, પોલ્યુશન મેટર, એનર્જી કન્ઝર્વેશનની આવશ્યકતા વિશે માહિતી આપવામાં આવી હતી. તે ઉપરાંત ક્લસ્ટર વિઝિટ માટે પણ વાતો થઈ હતી.

### જુદા-જુદા દેશના લોકોએ પણ ભાગ લીધો હતો

ઈડીઆઈ દ્વારા આ પ્રોગ્રામ બીજી વખત યોજવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામ માટે આર્જેન્ટિના, નાઈઝીરિયા, ફિલિપાઈન્સ, યુગાન્ડા, થાઈલેન્ડ, અફઘાનિસ્તાન, ચેક ગણરાજ્ય, ટોંગા, સૂદાન, મ્યાનમાર, ટર્કી, ઝિમ્બાબ્વે, તઝીકિસ્તાન, બોટ્સવાના, સુરીનામ, મડાગાસ્કર, લાઓસ, ગામ્બિયા, સેનેગલમાંથી ૩૩ જેટલા સ્ટુડન્ટ આવ્યા હતાં.

### પોતાનો પ્રોજેક્ટ રજૂ કર્યો

નિખિલ શાહે વિઝિટિંગ ફેકલ્ટી તરીકે આ પ્રોગ્રામમાં એનર્જી કન્ઝર્વેશન વિશે માહિતી આપી હતી. લગભગ ત્રણ કલાકના આ લેક્ચરમાં તેમણે ફ્યૂલનો પ્રેઝન્ટ સિનારિયો, એનર્જી અને ફ્યૂલનો કંઝમ્પશન, ૨૦ વર્ષ પછી ફ્યુલની સ્થિતિ, કંઝર્વેશન પ્રોજેક્ટ સ્ટાર્ટ કરવું, કન્ઝર્વેશન પ્રોજેક્ટમાં શું ધ્યાન રાખવું, એનર્જી કન્ઝર્વેશન પ્રોડક્ટ માટે સારી એજન્સી સીલેક્ટ કરવી જેવા વિષય ઉપર પોતાના વિચારોને અને પોતે કરેલા સર્વેની વિસ્તારપૂર્વક માહિતી આપી ઉપસ્થિત લોકો સાથે ચર્ચા કરી હતી